# પેથાપુર ચાર રસ્તા પાસે અકસ્માત બાદ રોષે ભરાયેલા ટોળાએ ટ્રકના કાચ તોડ્યા



(તસવીર : દિપક જાની)

## ટર્બો ટ્રકે રીક્ષાને ટક્કર મારતા લોકો ઉશ્કેરાયા : સ્થળ પર અવાર-નવાર અકસ્માત થતા હોવાના આક્રોશ

ગાંધીનગર, તા. ૧

પેથાપુર ચાર રસ્તા પરથી પસાર થતા ટર્બો ટ્રકના કારણે અવાર-નવાર અકસ્માતો સર્જાતા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આજે સવારે પણ સ્થળ પરથી પસાર થતા એક ટર્બો ટ્રકે રીક્ષાને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ દરમિયાન બેફામ જતા ટ્રકચાલકો વિરૂદ્ધ રોષે ભરાયેલા ટોળાએ ટ્રકના કાચ તોડી નાંખ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર પેથાપુર ચોકડી પાસેથી પસાર થતા ટર્બો ટ્રકના લીધે વખતો વખત નાના-મોટા અકસ્માતો સર્જાતા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જ્યારે ગત રાત્રિ દરમિયાન પણ આ સ્થળે અકસ્માત થતો હોવાનુ ધ્યાને આવ્યું છે. આ ઉપરાંત સવારે પેથાપુર ચાર રસ્તા પર બેફામ જતા ટ્રકે રીક્ષાને ટક્કર મારતા રીક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો. જો, કે સદનસીબે કોઈ જાનહાનિ થવા પામી ન હતી પરંતુ અકસ્માતના અવાર-નવાર બનતા કિસ્સાઓના લીધે સ્થાનિકોમાં ઉગ્ર રોષ ભભૂક્યો હતો. રોષે ભરાયેલા ટોળાએ આજે અકસ્માતગ્રસ્ત ટ્રકની તોડફોડ કરી હતી. આ વેળાએ સ્થળ પરથી પસાર થતી અન્ય ટ્રકોના કાચ પણ લોકોએ તોડી નાખ્યા હતા. આખરે ઘટનાસ્થળે પોલીસ પહોંચી હતી.

# શહેરમાં સફાઈ માટે વધુ એક નવી એજન્સી નિમવા સ્ટેન્ડીંગનો નિર્ણય

### સ્વચ્છતા અને સ્વસ્થતા અમારો કર્મ મંત્ર છે : પ્રવિણ પટેલ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરની સફાઈના મુદ્દે આજે સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં વધુ એક વખત સભ્યોએ તડાપીટ બોલાવી અને સેક્ટરોની આંતરિક સફાઈ માટે વધુ એક એજન્સીની નિયુક્તી કરવાની ભલામણ કરતો પ્રસ્તાવ પસાર કર્યો છે.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલની અધ્યક્ષતામાં મળેલ આજની આ બેઠકમાં શહેરની સફાઈના મુદ્દે સારી એવી ચર્ચાઓ થઈ હતી. ચેરમેન શ્રી પ્રવિણ પટેલે જણાવ્યુ હતું કે શહેરની ખુલ્લી જગ્યાઓ તેમજ જાહેર સ્થળોની આસપાસમાં થતી ગંદકી સામે સભ્યોએ અસરકારક કામગીરી થાય તેવી લાગણી જરૂર વ્યક્ત કરી હતી અને તેથી જ તંત્રને આ માટે વધુ એક એજન્સીની નિમણુંક કરવા માટે ભલામણ કરવામાં આવી છે.

શ્રી પટેલે બેઠક અંગેની વિગતો આપતાં જણાવ્યું હતુ કે કન્ટેઈનરો ૫૦ નંગ ખરીદવાની જરૂરિયાત અંગેના અહેવાલ પરની ચર્ચાને અંતે

● અનુસંધાન પાન-૭ પર






# જિલ્લાતંત્રમાં મોડી સાંજે વ્યાપક ફેરફારો કરાયા

ગાંધીનગર, તા. ૧

વિધાનસભાની આવી રહેલી ચૂંટણીઓ તેમજ ચોમાસાની સિઝનને ધ્યાને રાખી જિલ્લા તંત્રમાં આજે મોડી સાંજે ૧૪ જેટલા ના. મામલતદારોની બદલીના હૂકમો જારી કરવામાં આવ્યા છે.

બદલીઓ ખાસ કરીને મતદારયાદી તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં જ કરવામાં આવી છે. જો કે થોડીક બદલીઓ પણ કરવામાં આવી છે.

| નામ | હાલની જગ્યા | નિમણુંકવાળી જગ્યા |
|---|---|---|
| શ્રી જી.જી. પંડ્યા | ના.મામ. (ગ્રા.પં.ચૂંટણી) કલોલ | ના.મામ.(મતદારયાદી) મામલતદાર કચેરી, મામલતદાર કચેરી, કલોલ (શ્રી પી.વી. ગોહીલની બદલી કરતા) |
| શ્રી પી.એસ. શિહોરા | ના.મામ. (મ.ભો.યો.) મામલતદાર કચેરી, ગાંધીનગર | ના.મામ. (મતદાર યાદી) મામલતદાર કચેરી, માણસા. (શ્રી વી.બી. જાકાસણીયાની બદલી કરતાં) |
| શ્રી આઈ.એસ. દેસાઈ | શિરસ્તેદાર પ્રાંત કચેરી, ગાંધીનગર | ના.મામ. (ડીઝાસ્ટર મેને.સેલ) કલેક્ટર કચેરી, ગાંધીનગર (ખાલી જગ્યાએ) |

## ખૂણે ખાંચરેથી

● શુક્રવારે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દિલ્હી ખાતે ભાજપના વરિષ્ઠ નેતાઓ અટલબિહારી બાજપાઈ અને લાલકૃષ્ણ અડવાણીને મળ્યા હતા. ● આજે મેયર, ડે. મેયર, સ્ટે. કમિટીના ચેરમેન તેમજ ધારાસભ્યનો જન્મ દિવસ હતો. જો કે બધાએ તેની ઉજવણી સાદગીથી કરી છે. ● આજે ગાંધીનગરમાં રાજ્યપાલશ્રીને મળવા સાંસદ શ્રી જગદીશ ઠાકોરની આગેવાનીમાં પ્રતિનિધિમંડળ ગયું હતું. ● આજથી મેલેરિયા વિરોધી માસની ઉજવણીનો પ્રારંભ થયો છે. આખો મહિનો આ અંગે ઝુંબેશ ચાલશે. ● ગાંધીનગર શહેરમાં બનાવાયેલા શર્કલો હવે ગંદકીના ઉકરડા બની રહ્યા છે. ખ રોડ પરના કરૂણા સર્કલની હાલત કરૂણાજનક બની જવા પામી છે. ● ધો. ૧૦ના આજે જાહેર થનાર પરિણામને લઈ વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ● નાયબ મામલતદાર પરીક્ષાના જાહેર થયેલા પરિણામમાં ગાંધીનગરના યુવાનોએ સફળતા મેળવી છે.


# શ્રી કે. એમ. પટેલ હાઈસ્કૂલ

**ગુલાબપુરા, તા. ઈડર. ફોન : ૦૨૭૭૮૨૪૭૨૫૯**

### ધોરણ-૧૨ સાયન્સ પ્રવાહના તેજસ્વી તારલાઓને અભિનંદન

(૧) અપૂર્વ ડી. પટેલ - ૮૬.૦૦% - ગામ - પ્રતાપપુરા
(૨) દિપીકા પી. પટેલ - ૮૩.૬૬% - ગામ - હિંમતનગર
(૩) વસુધા વી. પટેલ - ૮૦.૦૮% - ગામ : ભાવનગર

૬૦% ઉપર સાયન્સ ધો.-૧૨માં ૩૦ વિદ્યાર્થીઓ અને શાળાનું પરિણામ ૮૭% લાવી શાળા અને ગામનું ગૌરવ વધારેલ છે.

### ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના તેજસ્વી તારલાઓને અભિનંદન

(૧) ફોરમ એચ. પટેલ - ૮૯.૪૩% - ગામ - ગુલાબપુરા (શાળા અને કેન્દ્રમાં પ્રથમ)
(૨) દર્શના એમ. પટેલ - ૮૭.૦૦% - ગામ - પેપલ્લા
(૩) દામીની જે. ચૌધરી - ૮૬.૭૧% - ગામ - ચોટાસણ

**શાળાનું પરિણામ ધો.૧૨ સાયન્સ પ્રવાહ ૧૦૦% તેમજ ૮૦% ઉપર - ૩૨ વિદ્યાર્થીઓ, ૭૦% ઉપર ૭૪ વિદ્યાર્થીઓ પાસ થઈને શાળા અને ગામનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન**

● શાળામાં આધુનિક સગવડો ધરાવતું કુમાર છાત્રાલય
● તમામ પ્રકારની ભૌતિક સુવિધાઓ ધરાવતું શૈક્ષણિક સંકુલ

**શુભેચ્છક**

ગુલાબપુરા હાઈસ્કૂલ ● કેળવણી મંડળ ● કારોબારી સભ્યો
પ્રમુખ - જયચંદદાસ પટેલ
આચાર્ય - ઈશ્વરભાઈ એસ. પટેલ
શાળા પરિવાર ● ગુલાબપુરા ગ્રામજનો
શાસ્ત્રી જનકભાઈ ભીખાભાઈ



